વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ Vol. 19 No. 02

# શાશ્વત એવી છેતરપિંડી !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satvashodhaksabha.com પર જાઓ.

# અણુની સમજનો અવળચંડો ઈતિહાસ !

અબજો વર્ષ પૂર્વે અણુ જે પેદા થયેલો તે જે હતો તે જ આજે છે. એ અણુ માટેની આપણી 'સમજ' એને અંગેની મળતી નવી ને નવી માહિતીને કારણે એવી રીતે બદલાઈ કે એ 'સમજ' ના ઈતિહાસને જ અવળચંડો કહેવો પડે !

ગ્રીક ફીલોસોફરો, ન્યૂટન અને ડાલ્ટન સુધી, ઈ. સ. ૧૮૯૬ આવી ત્યાં સુધી બધા અણુને અવિભાજય અને સૌથી નાના પદાર્થ તરીકે હોવાની સમજ ધરાવતા હતા. એને ભાંગી શકાય જ નહીં. એવી 'સમજ' હતી એ સમજના આધારે ઘણી વૈજ્ઞાનિક થીયરીઓ પણ બની !

ઈ. સ. ૧૮૯૭માં જે. જે. થોમ્સન નામના વૈજ્ઞાનિકે અણુને અરૂઢિગત દ્રષ્ટિએ તપાસ્યો એની તપાસમાં એને એવું માલુમ પડયું કે અણુની અંદર પણ પરમાણુઓ છે ! એનો અર્થ એ કે પરમાણુઓ ભાંગી શકાય.

ઈ. સ. ૧૯૧૧માં અર્નેસ રુથરફોર્ડ નામના વૈજ્ઞાનિકે પુરવાર કર્યું કે અણુમાં પરમાણુઓ તો છે જ, પરંતુ એમની વચ્ચે શૂન્યાવકાશ પણ છે ! ધર્મના ટેકેદારો શૂન્યાવકાશમાં માનતા જ નથી. આમ એમણે જે વિરોધ કર્યો, પરંતુ અણુ તો જે છે તે છે જ. આટલું ઓછું હોય તેમ ઈ. સ. ૧૯૩૦ના દાયકામાં એ પુરવાર થયું કે અણુની અંદરના પરમાણુઓનું પોતાનું માળખુ છે ! એ દરમિયાન અણુના પરમાણુઓની ઓળખ નકકી થઈ. આથી એમના નામ આપવામાં આવ્યા. પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન. આ 'સમજ' ને કારણે એક દુર્ઘટના બની. એ આ સમજના આધારે અણુબોંબ બન્યો ! ઈ. સ. ૧૯૬૦માં શોધાયું કે અણુમાં તો ૨૦૦ થી પણ વધારે પરમાણુઓ છે ! આમ, અણુ નહીં, પણ આપણી 'સમજ' અવળચંડી રહી. દરેક જાતિ સમજે વિજ્ઞાનના રૂપરંગને બદલી નાંખ્યા.

## સંશોધનની છેતરામણ

ઈ. સ. ૧૯૨૯માં હર્બલે સૌથી પહેલા શોધ્યું કે સચરાચર સતત વિકસે છે એવું માનવામાં આવે છે. વાસ્તવમાં ઈ. સ. ૧૯૧૨માં વિલી સ્લીફરે સૌથી પહેલાં વિકસતા સચરાચરને સંશોધન કરેલું ! એ સંશોધન એણે પ્રકાશિત પણ કરેલું. અન્ય વૈજ્ઞાનિકોએ અને જનમાધ્યમોએ એના આ સંશોધન પ્રત્યે ધ્યાન નહીં આપ્યું. સત્તર વર્ષ પછીના હર્બલના આ જ સંશોધનને ધ્યાનમાં લેવામાં આવ્યું. આથી વિકસતા સચરાચરનો સંશોધક તરીકે હર્બલને માન મળ્યું. આમ વિજ્ઞાનના ક્ષેત્રે પણ માર્કેટિંગની જરૂર પડે છે ! આપણા રેશનલ વિચારા માટે પણ માર્કેટિંગની જરૂર છે. કાનૂની ગૂંચવાડામાં આવ્યા વિના માર્કેટિંગ કરી શકાય છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડૉ. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ | સળંગ અંક : ૩૯૯ | Vol. 19 No. 2


## શાશ્વત એવી છેતરપીંડી !

–સૂર્યકાન્ત શાહ

બિચારા લિંકને એકવાર કહ્યું હતું કે, 'તમે થોડા સમય માટે બધા લોકોને છેતરી શકો અને કેટલાક લોકોને બધા સમય માટે છેતરી શકો, પરંતુ તમે બધા લોકોને બધા સમય માટે છેતરી શકતા નથી.'

વૈજ્ઞાનિક પદ્ધતિએ આ મંતવ્યને તપાસવામાં આવે તો તે સાચું હોવાનું લાગતું નથી. 'બધા સમય' એટલે શું ? 'શાશ્વત' એટલે શું ? એક હજાર વર્ષથી વધારે સમયગાળાને 'બધા સમય' કહીએ, તે જ પ્રમાણે 'શાશ્વત'ને પણ એક હજાર વર્ષથી બાંધીએ. આમ તો મહાન અર્થશાસ્ત્રી કેઈન્સે તો એવું જણાવેલું કે, 'લાંબે ગાળે તો આપણે બધાં મરી જ જઈએ છીએ !' મતલબ કે એક માણસની જિંદગી વધારેમાં વધારે જો સો વર્ષની મૂકીએ તો 'બધા સમય' 'શાશ્વત' કે 'લાંબો ગાળો' એક સો વર્ષથી બંધાય. આમ છતાં આપણે એક હજાર વર્ષથી બાંધીએ. હવે આપણે તપાસીએ કે એક હજાર વર્ષથી પણ વધારે સમયથી કોઈ જૂઠાણું 'સત્ય' તરીકે આપણી વચ્ચે છે કે નહીં. એ જૂઠાણાને શોધવા માટે કોઈ લાંબી મગજમારી કરવાની જ નથી. ઈશ્વર, ખુદા, ગોડ જેવા નામથી ઓળખાતું કહેવાતુ અપાર્થિવ તત્ત્વ અસ્તિત્વમાં હોવાનું જૂઠાણું આપણી વચ્ચે હજારથી પણ વધારે વર્ષોથી છે ! આ અપાર્થિવ તત્ત્વના હોવાનું ડીંડવાણું કેટલું મોટું

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

સ્થાપિત હિત બની ગયું છે ! એની આજુબાજુ ‘ધર્મ’ નામની કેટલી બધી મોટી અને જડબેસલાક કિલ્લેબંધી થઈ છે. આ જૂઠાણું તો હજી આપણી વચ્ચે ચાલે છે ત્યાં ‘કર્મના જ સિદ્ધાંત’ નામનું બીજું જૂઠાણું આપણી વચ્ચે પ્રચલિત થયું. એ પણ હજાર વર્ષથી છે.

આપણને નરી આંખે દેખાય છે કે ઈશ્વરનાં જે ગુણ ગવાય છે તે ગુણ અનુસાર ઈશ્વર વર્તતો જ નથી. ઈશ્વરનાં જે કહેવાતા સ્થાનોનાં સરનામા આપવામાં આવ્યા છે તે સ્થાનોથી પણ દૂર આપણાં અવકાશયાનો પહોંચી ગયા છે. કશે એ દેખાતો જ નથી. ‘સારા’ કામ કરનારાને અનહદ દુઃખી થતા આપણે જોઈએ છીએ, છતાં ‘કર્મના સિદ્ધાંત’ની દુહાઈ લેવાયા જ કરે છે !

ચાર્વાકથી માંડી અનેક મેધાવી વૈજ્ઞાનિકો અને તમારા–મારા જેવા સામાન્ય રેશનાલિસ્ટો આ બન્ને જૂઠાણાં વિરુદ્ધ બોલે તો એમના જીવના જોખમ સુધી આ જૂઠાણાંના એજન્ટો જુલમ કરે છે ! એમના બળપ્રયોગથી પણ જાણે આ જૂઠાણાં શાશ્વત બન્યા છે. બિચારા લિંકનને આ જૂઠાણાનું સત્ય સમજાયું નહીં હોય એટલે એ આવું પુરવાર નહીં થઈ શકતું નિવેદન કરી બેઠો. હશે... આપણે રેશનાલિસ્ટો બરાબર સમજીએ કે હિટલરે કહ્યા પ્રમાણે ‘જૂઠું એટલીવાર બોલો કે લોકોને સત્ય લાગે !’ એ સત્યને આપણે તો બરાબર સમજીએ. આ શાશ્વત જૂઠાણાને પડકારતા રહીએ.

---

## અપીલ

ગુજરાતી ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર ‘સત્યાન્વેષણ’ માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ ‘સત્યાન્વેષણ’ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું ‘સત્યાન્વેષણ’ દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક ‘સત્યાન્વેષણ’ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે ‘સત્યાન્વેષણ’ www.satyashodhaksabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# જડમાં જ ચેતન !

**–તંત્રીલેખ**

છેલ્લા ચાર વર્ષથી 'સત્યાન્વેષણ' આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) એટલે કે કૃત્રિમ પ્રબુદ્ધતાનો ઉલ્લેખ કરે છે. જ્યારે એઆઈની ચર્ચા ઓછામાં ઓછી થતી હતી ત્યારે એઆઈને કારણે આવનાર પરિવર્તનો પરત્વે 'સત્યાન્વેષણ' ઈશારો કરતું હતું. ૨૦૨૩ના જાન્યુઆરીના અંકમા હોકિંગ્સના મંતવ્યને ટાંકીને જણાવ્યું હતું કે 'આપણી પોતાની જ બુદ્ધિમતાના ભવિષ્ય માટે વિચારવાનો પડકાર આવવાનો છે !'

હા...આપણી પોતાની જ બુદ્ધિમતાની હવે કેટલી જરૂર રહેશે એ અંગે આપણે જ પેદા કરેલ એઆઈ હવે પ્રશ્નો ઉઠાવે છે ! હોકિંગ્સે તો માત્ર બુદ્ધિમતાની વાત કરી. એઆઈ તો હવે એનાથી આગળ વધે છે. આપણી સર્જનાત્મકતા, આપણી સંવેદનાઓ અને આપણી લાગણીઓનું પણ હવે એ ધણી થવા માંડયું છે ! આપણા હાથ, પગ અને સ્નાયુઓને બદલે કામ કરતાં અનેક યંત્રો તો કયારના આવી ગયા, પરંતુ એઆઈ તો હવે આપણા મગજનું બધું જ કાર્ય કરવા માંગે છે. ધંધાદારી દષ્ટિએ અને રાજકારણની દષ્ટિએ એના સંશોધનોમાં આજે 'અમેરિકા આગળ છે, કાલે ચીન આગળ આવશે કે પરમ દિવસે ભારત પણ એમાં ઝુકાવશે' જેવી વાતો નગણ્ય છે. અગત્યની વાત એ છે કે આ જડ જાણે પોતે જ જીવ હોય તે રીતે વર્તવા માંડયું છે ! અમીબા પણ જીવ છે, અને માણસ પણ જીવ જ છે, પરંતુ અમીબાને મગજ છે કે કેમ તેનાથી માંડી સૌથી મોટું મગજ ધરાવતા માણસના જ મગજ કરતાં બહેતર અને વધારે કામ કરતું એઆઈ આપણે શોધી કાઢયું છે, તે એમ સૂચવે છે કે એઆઈ પાસે આપણાં કરતાં પણ વધારે સક્ષમ મગજ છે. અત્યાર સુધી જીવની વ્યાખ્યામાં સ્વયંસંચાલન, પ્રજનન અને સંવેદના જેવાં તત્ત્વોનો સમાવેશ થતો હતો. આજે તો એવું દેખાય છે કે એઆઈ પ્રજનન સિવાયના બધાં જ કામ કરવા માંડયું છે. આ એક અપવાદને બાજુ પર રાખીએ તો સ્વીકારવું પડે કે આ જડમાં જ જીવ આવી ગયો છે !

વિજ્ઞાને શોધ્યું તો છે કે જડમાંથી જ જીવ પેદા થયો છે. કોઈ અપાર્થિવ તત્ત્વ ઈશ્વર, ખુદા, ગોડ, એને માટે જવાબદાર નથી. મૂળમાં હકીકત એ જ છે કે આ અપાર્થિવ

તત્ત્વના અસ્તિત્વની માન્યતા જ અવાસ્તવિક છે. આથી હમણાં આપણી પાસે એ પ્રતીતીકારક પુરાવા છે કે જડમાંથી જીવ પેદા થયો છે. હવે એ જ જીવની ઉત્ક્રાંતિ થકી જે સૌથી મોટા મગજને ધરાવતો માણસનું સંસ્કરણ થયું તે માણસે નવી જ દિશામાં પગરણ માંડયા. એણે પોતે જ એઆઈ નામના જડમાં જીવ પેદા કર્યો.

એ વાત સાચી કે એઆઈને દુનિયાભરની જે માહિતી મળે છે તેના આધારે પોતાના નિષ્કર્ષ આપે છે. માણસ પણ એવું જ કરે છે. આમ છતાં, હમણાં ચીનના ડીપ સીક એઆઈની શ્રેષ્ઠતા માટે ઘણી ચર્ચા ચાલે છે. એને જ્યારે ચીનના જુલમી શાસન અંગે સવાલો પૂછવામાં આવ્યા ત્યારે એ તટસ્થ નહીં રહ્યું. એ પણ માણસની જેમ જૂઠું બોલ્યું ! ઉપરાંત, એઆઈનો ઉપયોગ જૂઠ્ઠા સમાચાર ફેલાવવા માટે પણ થવા માંડયો છે. માણસ અવિવેકી બને છે એટલે એને જેમ આપણા જેવા રેશનાલિસ્ટો વિવેકબુદ્ધિ રાખવાનો આગ્રહ કરે છે તેઓ જડ એવા આ જીવ, નામે એઆઈને પણ રેશનલ બનવા માટે આપણે આવતીકાલે આગ્રહ કરવો પડે તો નવાઈ નહીં !


---

## કંપન

મંદિરમાં
મેં
ઘંટ નહીં વગાડયો
કારણ
ઘંટ પર બેઠું હતું
પતંગિયું
ઘંટના કંપનથી
ડરી જાય તો ?

(રમેશ પટેલના 'સનશાઈન'માંથી સાભાર)

# અતુલભાઈને સુવર્ણચંદ્રક અર્પણ





અને....તારીખ ઓગણીસમી જાન્યુઆરી આવી પહોંચી ! એમ. ટી. બી. કોલેજના કુંજવિહારી મહેતા ભવનમાં સત્યશોધક સભાના આમંત્રિતો અને અતુલભાઈના ચાહકો પ્રશંસકો ભવનમાં પ્રવેશવા માંડયા. સત્યશોધક સભા તરફથી છવ્વીસમો રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ થાય, તેમા સાક્ષી થવા તેમ જ બબ્બે આવેલા વિદ્વાનો, દિલ્હીના ગૌહર રઝા અને ગોધરાના ડૉ. સુજાત વલીને સાંભળવાને માટે તે સૌ આતુર હતા. સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહના પ્રમુખપદે યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત મંત્રી જાદવ વેકરીયાએ પ્રગટાવેલ અગ્નિથી થઈ. ઉપપ્રમુખ મનસુખ નારિયાએ સૌનું સ્વાગત કર્યું હતું. સ્વાગત દરમિયાન એમણે જણાવ્યું કે યજ્ઞમાં જે બગાડ થવાનો હતો તેનો વિરોધ કરીને પ્રબુદ્ધોએ સત્યશોધક સભાની સ્થાપનાથી વિજ્ઞાન યજ્ઞ શરૂ કર્યો.

સહમંત્રી સુગીત પાઠકજીએ સત્યશોધક સભાની સ્થાપના કેવી રીતે થઈ તે જણાવીને સભાના આજ સુધીના ઈતિહાસને દર્શાવ્યો. વિજય ભગતે સંદેશા વાંચન કર્યું. એક મંત્રી ડૉ. સુષ્મા અય્યરે અતુલભાઈનો પરિચય આપ્યો. નરેશ કાપડિયાએ અતુલભાઈનાં જીવન–કવનને તસ્વીરો દ્વારા દર્શાવ્યાં. એક સહમંત્રી રાકેશ દેસાઈએ અતુલભાઈને સુપ્રત થનાર સન્માનપત્રનું વાંચન કર્યું હતું. (આ અંકમાં તે અન્યત્ર પ્રસિદ્ધ થયું છે)

સન્માનપત્રના વાંચન બાદ જે ઘડીની સૌને મહિનાઓથી ઈન્તેજારી હતી તે આવી પહોંચી. સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહે અતુલભાઈને રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત કર્યા તે સાથે જ હાજર રહેલા સૌએ તાળીઓના ગડગડાહટથી આભૂષિત થયેલા અતુલભાઈને વધાવી લીધા. ડૉ. બી. એ. પરીખે સૌની સાથે રહીને અતુલભાઈને સન્માનપત્ર અર્પણ કર્યું. આ પ્રસંગે પાઠકજી કુટુંબના સર્વે સભ્યો અને ખાસ તો અતુલભાઈના પત્ની દીપિકાબહેનને પણ સ્ટેજ પર બોલાવી એ સૌને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. અતુલભાઈ અને દીપિકાબહેનને સાથે ઊભા રાખીને મંચ પરના સૌએ બન્નેને શાલ ઓઢાડી અભિવાદન કર્યું.





કનુભાઈ પટેલે સત્યશોધક સભાને પાંચ લાખ રૂપિયા માતબર દાન આપ્યું છે. એમનું સન્માન મુરબ્બી ડૉ. બી. એ. પરીખના હસ્તે કરવામાં આવ્યું. ડૉ. પરીખે કનુભાઈનો પરિચય આપતા જણાવ્યું કે જ્યાં જ્યાં માનવતાના કામ થતાં હોય છે ત્યાં ત્યાં કનુભાઈ પોતાનો હાથ લંબાવે છે. આગળ વધીને પોતાનાં સ્મરણો તાજાં કરતા ડૉ. પરીખે જણાવ્યું કે 'જે ભવનમાં આ કાર્યક્રમ યોજાયો છે તે ભૂતકાળમાં વ્યાખ્યાન ખંડ હતો. તેમાં પોતાની કારકીર્દિનું પહેલું વ્યાખ્યાન ઈ. સ. ૧૯૫૫માં પોતે આપેલું તે ડૉ. પરીખે ભાવપૂર્વક યાદ કર્યું. કનુભાઈનું ડૉ. પરીખના હસ્તે ફૂલગુચ્છ અર્પીને ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. કનુભાઈએ સમગ્ર કાર્યક્રમમાં હાજર રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો તેની સાદર નોંધ લેવામાં આવે છે.




સુગીત પાઠકજીએ મુખ્ય વકતા ગૌહર રઝાનો પરિચય આપ્યો. ડૉ. રઝા વિજ્ઞાનના પ્રચાર–પ્રસાર માટે જે અથાક મહેનત કરે છે તેની ઝાંખી આપી એમનું સ્વાગત કર્યું. ત્યારબાદ ઉદ્‌ઘોષિકા સપના પાઠકજીએ ડૉ. રઝાને એમના પ્રવચન માટે આમંત્રણ આપ્યું. ડૉ. રઝાએ ત્યારબાદ પોતાના વકતવ્યમાં વિજ્ઞાન પુરાવાધારિત હોય છે. જયારે માન્યતા આધારિત ધર્મના પોલાણને એમણે દર્શાવ્યું હતું. વિજ્ઞાન સતત સુધરતું જાય છે, કારણ કે નવી જાણકારી અને પુરાવાને સ્વીકારતું જાય છે.

સિદ્ધાર્થ દેગામીએ આ પ્રસંગે ખૂબ તકલીફ વેઠીને આ સમારંભને શોભાવવા આવેલા ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસીએશનના પ્રમુખ ડૉ. સુજાત વલીનો પરિચય આપીને એમનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ અતિથિવિશેષ ડૉ. વલીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ઈ. સ. ૧૯૫૨માં પ્રતીતીકારક રીતે પુરવાર થયું છે કે જડમાંથી જ જીવ પેદા થયો છે. કોઈ અપાર્થિવ તત્ત્વ કે જે ખુદા–ગોડ, ભગવાનથી ઓળખાય છે તેની પેદાશ નથી જ.



પોતે ગોધરામાં રેશનાલિઝમના પ્રચાર માટે જે કંઈ કરે છે તેના પરિણામે એમને જેલ સુધી જવું પડયું તેટલા જુલમ થયા છે. જડમાંથી પેદા થયેલા જીવને વૈજ્ઞાનિકોએ કેવી રીતે પુરવાર કર્યું તે અંગે એમણે જણાવ્યું કે ૨૦ કરોડ વર્ષ પૂર્વેની જે હવામાનની ભૌગોલિક પરિસ્થિતિ હતી તે પેદા કરી. તે સમયના અતિ ગરમીવાળા વાતાવરણને પેદા કરીને એમણે જે પ્રયોગો કર્યા તેનાથી તેઓ જડમાંથી જીવ પેદા કરી શકયા. જડમાંથી જીવની સમજ એમણે વીડિયો ફિલ્મની મદદથી આપી. ઉપરાંત ડાર્વિનના સિદ્ધાંતને પણ એમણે વીડિયો ફિલ્મની મદદથી સમજાવ્યો.




વિદ્વાનોના વકતવ્ય બાદ પોતાના થયેલા સન્માન પરત્વે પ્રતિભાવ આપતા અતુલભાઈએ જણાવ્યું કે પ્રબુદ્ધ નાગરિકોના યજ્ઞ વિરુદ્ધના આક્રોશથી પોતે પ્રભાવિત થયા હતા. તેની પાછળ પાછળ સત્યશોધક સભાની સ્થાપનામાં પણ પોતે જોડાયા. પોતે ક્રમશઃ રેશનાલિસ્ટ બન્યા. સત્યશોધક સભાના પોતે સક્રિય કાર્યકર બન્યા. ત્યાર પછી  શ્રોતાઓમાંથી અનેક શ્રોતાઓએ અતુલભાઈને મળેલ સુવર્ણચંદ્રક બદલ આનંદ વ્યકત કર્યો હતો. અતુલભાઈના  મિલનસાર સ્વભાવ અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાને બિરદાવવામાં આવી હતી. એઓ રેશનાલિસ્ટ હોવા છતાં પોતાના કુટુંબમાં પણ કોઈની અનિચ્છા તે લાદતા નથી. એમના એ લોકશાહી વલણની પ્રશસ્તિ કરવામાં આવી હતી. એમના પત્ની દીપિકાબેને, પુત્ર સુગીતે અને પુત્રવધૂ સપનાએ કુટુંબમાં પણ એમના ઉદારચરિત સ્વભાવને બિરદાવ્યો હતો. છેવટે, પ્રમુખ સૂર્યકાન્ત શાહે સુવર્ણચંદ્રકને વધારે કિંમતી બનાવવા માટે અજ્ઞાત દાતાએ હજારો રૂપિયાનું દાન આપ્યું, તેની કદર કરી હતી. કનુભાઈના દાનને સુવર્ણચંદ્રક સાથે સાંકળવામાં આવ્યું છે તે જાહેર કર્યું હતું. એમણે વધુમાં  કહ્યું કે રેશનાલિઝમના પ્રચાર–પ્રસાર કરનારા પર જેઓ જુલમ કરે છે તેઓ રેશનાલિસ્ટોને પોતાના વિચારો માટે દબાણ નહીં કરવા સમજાવે છે તે અસ્વીકાર્ય છે. અતુલભાઈના ઋજુ હૃદયની એમણે પ્રશસ્તિ કરી હતી. ડૉ. પદીપ માર્ટિને સૌનો આભાર માન્યો હતો. રાષ્ટ્રગીત ગાઈને સૌ ભોજન લેવા માટે આગળ વધ્યા હતા.

## શ્રદ્ધા ભૂષણ નહીં દૂષણ

**–એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરૂપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

આપણા કેટલાંક બુદ્ધિજીવી વિદ્વાન લેખકો કહે છે કે, 'જેમ કોઈ એક વ્યકિતની દાઢી ખૂબ વધી ગઈ હોય તેથી એમ ન કહી શકાય કે જગતમાં હજામનું અસ્તિત્વ નથી તેમ જગતમાં હિંસા અને અત્યાચારો જોઈને એમ ન કહી શકાય કે જગતમાં ઈશ્વર નથી.'

અહીં પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, 'કોઈ એકાદ વ્યકિતની દાઢી વધી ગઈ હોય તેથી કોણે કહ્યું કે જગતમાં હજામ નથી ?' વાસ્તવિકતા એ છે કે કોઈની વધી ગયેલી દાઢી જોઈને કોઈ બેવકૂફ કે પાગલ વ્યકિત પણ કહે નહીં કે જગતમાં હજામ નથી, કારણ કે જગતની પ્રત્યેક વ્યકિત જાણે છે કે કોઈની દાઢી વધી જવાનું કારણ હજામના અસ્તિત્વનો અભાવ નથી. પરંતુ દાઢી આળસને કારણે પણ વધી જાય છે, સાધન, સગવડ, પૈસાના અભાવે પણ દાઢી વધી જાય છે. કોઈક માણસો શોખને કારણે પણ દાઢી વધારે છે. ઘણાં માણસો પોતાના ધર્મની ઓળખ માટે પણ દાઢી વધારે છે. કેટલાંક માણસો બાધા–આખડીને કારણે પણ દાઢી વધારે છે. આમ માણસની દાઢી વધી જવાનું કારણ હજામના અસ્તિત્વનો અભાવ નહીં, પરંતુ એ સિવાયના બીજાં અનેક કારણો છે. પ્રત્યેક માણસ પણ એક હજામ બની શકે છે. આમ હજામ સર્વવ્યાપી છે તે પ્રત્યેક મનુષ્ય જાણે છે, તેથી કોઈ મૂર્ખનો સરદાર પણ કોઈની લાંબી દાઢી જોઈને જગતમાં હજામ નથી એવું બોલી શકે નહીં. (તો પછી જે એવું બોલે તેને કયું બિરૂદ આપવું ?)

મુશ્કેલી એ છે કે આ બાબતની જાણ આપણા કેટલાક અતિ વિદ્વાન બુદ્ધિમાન લેખકોને નથી, કારણ કે તેઓ યેન કેન પ્રકારે ઈશ્વરનું અસ્તિત્વ છે એવું પુરવાર કરવા માટે મજબૂર છે. તેથી તેઓ આવી ખોટી, ઉટપટાંગ અને હાસ્યાસ્પદ ઉપમા આપીને ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરવા મથે છે. વાસ્તવિકતા એ છે કે આવી ખોટી અને બેબુનિયાદ દલીલના આધાર પર ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરવાનો જે પ્રયત્ન કરવામાં આવે તે પણ, એના જેવો જ ખોટો અને બેબુનિયાદ જ હોય, અર્થાત્

કરવામાં આવે તે પણ, એના જેવો જ ખોટો અને બેબુનિયાદ જ હોય, અર્થાત્ એવા પ્રયત્નથી ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર થઈ જતું નથી.

આવા ઈશ્વરના પ્રચારકો વધુમાં જણાવે છે કે શ્રદ્ધા હોય તો ઈશ્વર છે, અને શ્રદ્ધા ન હોય તો ઈશ્વર નથી. તેઓ ભૂલી જાય છે કે આવી શ્રદ્ધાની બાબત તેમણે જે હજામનું દ્રષ્ટાંત આપ્યું છે તેને જ લાગુ પડતી નથી, કારણ કે શ્રદ્ધા રાખો કે ન રાખો તો પણ હજામનું અસ્તિત્વ તો સર્વત્ર અને સર્વવ્યાપી છે જ. જે દર્શાવે છે કે જેનું અસ્તિત્વ હોય છે તેનું અસ્તિત્વ પુરવાર કરવા શ્રદ્ધાની કોઈ જરૂર નથી. અર્થાત્ જેનું અસ્તિત્વ નથી એનું અસ્તિત્વ દર્શાવવા માટે જ શ્રદ્ધાની જરૂર પડે છે. દા. ત. સૂર્યને શ્રદ્ધાની જરૂર નથી. શ્રદ્ધા રાખો કે ન રાખો તો પણ સૂર્ય ઉગશે જ, અને અંધકારને હટાવી પ્રકાશ પાથરશે જ. આમ શ્રદ્ધા કોઈ ભૂષણ નહીં પરંતુ દૂષણ છે, જે છે જ નહીં એને માનવા તે પ્રેરે છે.

## કીમમાં વિજ્ઞાન સપ્તાહ ઉજવણી

વિજ્ઞાન સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપ સત્યશોધક સભા અને કીમ એજ્યુકેશન સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪–૦૨–૨૦૨૫ને સોમવારે સવારે ૧૦.૦૦ કલાકેથી કીમની શાળાના પ્રાંગણમાં સુરત જિલ્લાના વિજ્ઞાન શિક્ષકોની કાર્યશાળા યોજવામાં આવી છે. દિલ્હીના ડૉ. રઝા, અમદાવાદના કિરણ ત્રિવેદી અને સૂર્યકાન્ત શાહ આ કાર્યશાળાની જુદી જુદી બેઠકોનું સંચાલન કરશે.

## સત્યાન્વેષણનો ૪૦૦ મો વિશેષાંક

તા. ૧૫–૦૩–૨૦૨૫ના રોજ 'સત્યાન્વેષણ'નો ૪૦૦ મો વિશેષાંક પ્રસિદ્ધ થશે એમાં આપને લેખો, વગેરે મોકલવા વિનંતી. આપ રૂ. ૧,૦૦૦/– આપી એમાં ત્રણ લીટીનો શુભેચ્છા સંદેશ પણ આપી શકો છો. શકય હોય તો આપની અથવા અન્યોની જાહેરખબર પણ મેળવી આપો એવી વિનંતી.

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# રેશનાલિઝમનું ભાવિ

–સૂર્યકાન્ત શાહ

માનનીય પ્રમુખશ્રી અને રેશનાલિસ્ટ મિત્રો,

ગોધરામાં બધા રેશનાલિસ્ટ મિત્રો મળે ત્યારે મને તો ત્યાં દોડી આવવાની ઈચ્છા થાય જ, પરંતુ અત્રે એવાં કેટલાંક બંધનો મારી ઈચ્છાને પૂર્ણ થવા દેતાં નથી. આથી મેં મારી અશકિત દર્શાવી ત્યારે ઉદાર એવા આપણા ડોકટર સુજાત વલીએ આ ઓડિયો પ્રવચનથી મને, સત્યશોધક સભાના પ્રમુખ 'સૂર્યકાન્ત શાહ 'રેશનાલિઝમના ભાવિ' પરત્વે મારા વિચારો વ્યકત કરવાની તક આપી તે બદલ હું એમનો ખૂબ આભારી છું. ગોધરા તો સમગ્ર ગુજરાતમાં રેશનલ વિચારોના પ્રચાર–પ્રસારનું કેન્દ્ર બનવા માંડયું છે. ડૉ. વલીને કારણે આ શક્ય બન્યું છે. અમે પહેલવહેલા ડૉ. વલીને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ કરવા માટે ગોધરા આવ્યા હતા. તે પ્રસંગે અમને સમજાયેલું કે તેઓ શ્રી રેશનાલિઝમ માટે તન–મન–ધનથી ન્યોછાવર થવા માંગે છે. એમ જ બન્યું, પરિણામે આજના એકાધિક સંમેલનો ગોધરા અને અમદાવાદમાં યોજાયાં. ઈતિહાસમાં એક બાબત ઉજાગર થઈ છે કે ગમે તેવા ઉમદા વિચારને પણ સમાજમાં પ્રસરાવવા હોય તો આર્થિક સહયોગની ખૂબ જરૂર પડે છે. ખુદ ગાંધીજીને પણ જો સમયસર આર્થિક સહયોગ નહી મળતે તો તેઓ દેશના માટે જે સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા તે કયાંતો વિલંબમાં પડતે અથવા કદાચ સિદ્ધ પણ ન થાત. અત્યારે ડૉ. વલી રેશનાલિઝમના પ્રચાર–પ્રસાર માટે આ કરી રહ્યા છે. આપણે રેશનાલિસ્ટોએ આપણા વર્તુળોમાં એનો ઉમળકાભેર પ્રતિસાદ પાડવો જોઈએ.

રેશનાલિઝમના પ્રચાર–પ્રસાર માટે ડૉ. વલી આ પ્રમાણે પાયાની સેવા આપે છે તો આપણા મુરબ્બી ડૉ.બી. એ. પરીખ, બિપીનભાઈ, અશ્વિનભાઈ કારીઆ, ગિરીશ સુંઢિયા, જયંત પંડયા પ્રવીણ ગઢવી, ઉત્તમ પરમાર, જેવા અનેક પ્રખર રેશનાલિસ્ટો પોતપોતાનાં ક્ષેત્રોમાં પોતપોતાની રીતે રેશનાલિઝમના પ્રચાર–પ્રસારનું કામ કરે છે. આ

અભિયાનમાં મહિલાઓની ભાગીદારી ઓછી છે તે શોચનીય છે. ઈતિહાસમાં એ પણ દેખાયું છે કે અપવાદ સ્વરૂપ મહિલાઓ સમાજમાં પરિવર્તનો માટે અને અરૂઢિગત વિચારધારાને આગળ વધારવા ભાગ્યે જ આગળ આવે છે. પરિસ્થિતિની કરૂણતા એ છે કે સમાજમાં ઈર્‌રેશનલ આચાર–વિચારોનું જે પ્રાધાન્ય છે તેનો સૌથી વધારે ભોગ મહિલાઓ બને છે, અને મહિલાઓ જ તેને જળોની જેમ ચોંટી રહી છે. આમ છતાં ગુજરાતમાં આવા કસાયેલા કાર્યકરો અને ગોધરામાં આજે ઉપસ્થિત સૌ રેશનાલિસ્ટો અને યુવાનો ખાતરી તો આપે જ છે કે ગુજરાતમાં રેશનાલિઝમનું ભાવિ આશાસ્પદ છે.

મુરબ્બી રમણભાઈ પાઠકે રેશનાલિઝમ માટે ગુજરાતીમાં રેશનાલિઝમના મર્મને પકડતો 'વિવેકબુદ્ધિવાદ' શબ્દ આપ્યો છે. બુદ્ધિ તો એક સાધન છે. વ્યકિત અને સમાજ પોતાની માન્યતા અનુસાર બુદ્ધિનો ઉપયોગ કરે છે. આથી જ તો સતી જેવી ભયંકર માનવતાવિરોધી અને મહિલાવિરોધી પ્રથાનો પણ ભૂતકાળમાં બચાવ કરવામાં આવતો હતો ! આથી જ બુદ્ધિને 'વિવેક'ની જરૂર છે. વિવેક શબ્દ સ્વલક્ષી બની જાય એવી દરેક સંભાવના છે કારણ કે 'સારા–નરસાને પારખવું' તે વિવેક ગણાય છે. મુશ્કેલી એ છે કે 'સારુ' અને 'નરસુ' બન્ને વ્યકિતના પોતાના અભિપ્રાય પર આધાર રાખે છે. ઉદાર મતવાદીને પ્રેમલગ્નો સારા લાગે, પરંતુ રૂઢિગત વિચારસરણીવાળાને તે ખરાબ લાગે. આથી વિવેક શબ્દને બાંધવો પડે. રેશનાલિઝમના મર્મને જો પકડીએ તો વિવેક, તર્ક, પ્રતીતીકારક પુરાવાઓ અને તટસ્થ અવલોકનો પર આધાર રાખે છે. રેશનાલિઝમનું ધ્યેય માનવવાદ છે. અહીં સ્પષ્ટતાની જરૂર છે કે રેશનાલિઝમ પોતે માનવવાદ નથી, પરંતુ માનવવાદ સિદ્ધ કરવાનું એનું ધ્યેય છે. આ સંદર્ભે એ પણ સ્વીકારવાનું થાય કે તર્ક, પુરાવા અને અવલોકનો આપણી સમજ અને માહિતીને સતત સુધારે–વધારે છે. તેથી જે ખૂબ ભ્રામક શબ્દ 'સત્ય' છે તેની વિભાવના બદલાતી રહે છે. જુઓને, ન્યુટનના ગુરુત્વાકર્ષણનું સત્ય સમય જતાં 'સત્ય' રહ્યું નથી. ખાસ કરીને આઈનસ્ટાઈનને કારણે એ સત્ય પણ બદલાયું છે. આમ રેશનાલિઝમ સતત બદલાતા જતા સત્યને સ્વીકારે છે. રેશનાલિઝમ વિશે મારી આ સમજ છે. અન્યોની અલગ સમજ હોઈ શકે. મારી આ સમજના આધારે હું ખાતરીપૂર્વક કહી શકું કે ભારત સહિત સમગ્ર વિશ્વમાં રેશનાલિઝમનું ભાવિ ખૂબ આશાસ્પદ

છે. એનો તર્ક પુરાવા અને અવલોકનોનો સ્વીકાર એને ખૂબ મજબૂત ભૂમિકા પર ઉભો રાખે છે. ગોડ, ખુદા,ભગવાન જેવી સા'વ અવાસ્તવિક માન્યતા પર ઉભેલા ધર્મો, સંપ્રદાયો અને પંથોનો પાયો જ પોલો છે, આજે આપણા દેશમાં એની ઝાકઝમાળ ખૂબ દેખાય પરંતુ આ બધું હોલવાતા દીવાના છેલ્લા વધી પડતા પ્રકાશ જેવા છે. આપણે એનાથી વિચલિત થયા વિના આપણી વાતો સમાજ સમક્ષ મૂકયા કરીશું તો રેશનાલિઝમની આગેકૂચ જ થવાની છે. આથી જ તો સમગ્ર વિશ્વમાં રોજેરોજ રેશનાલિસ્ટોની સંખ્યા વધતી જાય છે. સૌથી વધારે અત્યારે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ છે. ત્યારબાદ ઈસ્લામના. રેશનાલિસ્ટ મિત્રો, તમને જાણીને આનંદ થશે કે હવે દુનિયામાં ત્રીજા નંબરે નાસ્તિકોની સંખ્યા આવે છે ! ૨૦૨૩ના સર્વેક્ષણ અનુસાર તેઓ પૂરા એક અબજ ને વીસ કરોડ છે !

રેશનાલિસ્ટોની વધતી સંખ્યાનો આધાર રાજ્યની સત્તાનો કોરડો નથી, ભય અને લાલચ પમાડતા ધર્મગુરુઓના પ્રપંચ નથી, વંશપરંપરાની માન્યતાને ટકાવી રાખવાનું કૌટુંબિક અભિમાન નથી કે સંસ્થાકીય માળખાની જડતા નથી. બધા જ ધર્મોનું સંસ્થાકરણ થયું છે. એમાં વિવેક જેવું કશું જ નથી. બીજી બાજુ, રેશનાલિસ્ટોની વધતી સંખ્યાના પાયામાં સમજદારી છે. વધારે ને વધારે લોકો બે બાબત સમજવા માંડયા છે. એક, ધર્મ એ ધતિંગ છે અને બે રેશનાલિઝમ નિર્દોષ આનંદની પ્રાપ્તિ કરાવે છે. આથી, મોટા ભાગના લોકો સ્વયંભૂ રેશનાલિઝમ સ્વીકારવા માંડયા છે. ખાસ તો આશાસ્પદ બાબત એ છે કે વિશ્વભરના યુવાનો અવૈજ્ઞાનિક માન્યતાઓ વિરુદ્ધ સવાલો પૂછવા માંડયા છે. એવી માન્યતાના ઠેકેદારોના જવાબો એમને સંતોષતા તો નથી જ, પરંતુ એવા જવાબો એમને વિકલ્પે નિર્દોષ આનંદ પ્રાપ્ત કરવા રેશનાલિઝમ સ્વીકારવા તરફ આગળ વધારે છે. ભારતમાં પણ ગણનાપાત્ર સંખ્યામાં યુવાનોએ આવા જ સવાલો પૂછવા માંડયા છે. આજનું આ સંમેલન પણ આથી જ યુવાનોને રેશનાલિઝમ પહેલા સમજવા અને સમજ્યા બાદ એને જીવન જીવવાની રીત તરીકે સ્વીકારવા આહ્‌વાન કરે છે. યુવાનો પૂછતા થયા છે તેથી મારા જેવા ૮૫ થી પણ ઉપરની ઉંમરના રેશનાલિસ્ટો જ્યારે ચિરવિદાય લેવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે તેઓ એ પરિતોષ મેળવીને વિદાય થશે કે ભારતના યુવાનો પણ પ્રશ્નો પૂછવા માંડયા છે તેથી સમાજમાં કુલ નિર્ભેળ–નિર્દોષ આનંદ વધારવા માટેના દરવાજા ખોલવા રેશનાલિઝમની ચાવી યુવાનોના હાથમાં આવવા માંડી છે.

આવા સંમેલનો અને અન્ય સાધનો માધ્યમો દ્વારા રેશનાલિઝમના પ્રચાર–પ્રસારની ખૂબ જરૂર છે. અમે અહીં સુરતમાં બેસીને સત્યશોધક સભા દ્વારા ચમત્કાર પર્દાફાશ, ચમત્કાર નિદર્શન, પ્રવચનો, સંવિવાદો અને ખાસ તો વિવિધ પ્રકાશનો દ્વારા આ કામ કરી રહ્યા છીએ. અમારા માસિક 'સત્યાન્વેષણ'ના અત્યાર સુધી ૩૯૯ અંક બહાર પડી ચૂક્યા છે. માર્ચમાં એનો ચારસોમો અંક પ્રસિદ્ધ થશે. વાર્ષિક ૨,૦૦/– રૂા. અને આજીવનના રૂા. ૨,૦૦૦/– ભરી તેના તમે સૌ વાચક બનશો તો ગમશે. ઉપરાંત, ચારસોમા અંક માટે જાહેર ખબરો અને લેખો–કૃતિઓ મોકલવા માટે તમને સૌને આમંત્રણ છે.

મારા જેવા રેશનાલિસ્ટ વયસ્કોની લાગણીને અને વિચારતા આજના અધિવેશનમાં વ્યકત કરવા દેવાની સગવડ કરી આપી તે બદલ એના આયોજકોનો હું આભારી છું.

(ગોધરા સંમેલનમાં ડૉ. સુજાત વલીએ મારા આ ભાષણનો ઓડિયો મંગાવેલો. મેં મોકલેલો. અહીં વાચકોને માટે તેનો લેખ બનાવીને રજૂ કર્યો છે. –સૂ.)

---

મોટાં બાંધકામોમાં લોખંડનો વપરાશ શરૂ થયાને હજી ત્રણસો વર્ષ થયા નથી ! ઈ. સ. ૧૭૭૯માં ડાર્બી નામના એન્જિનિયરે યુરોપમાં સૌથી પહેલા એક નદી પર લોખંડનો પુલ બાંધીને મોટાં મોટાં બાંધકામોમાં લોખંડના વપરાશને શરૂ કર્યો. એ પૂર્વે પંદરમીથી અઢારમી સદી દરમ્યાન મહામહેનતે લોખંડના નાના નાના કટકાનું ઉત્પાદન થતું હતું. જે નાના નાના ઘરકામ, કારીગરી, જેવામાં વપરાતું હતું. આમ છતાં કેટલી બધી દંતકથાઓનાં હજારો વર્ષ પૂર્વે લોખંડના બનેલા વિમાનો હોવાનો પણ દાવો કરાય છે.

* * *

**કાશ ! સંપત્તિ સર્જન સામે સમાન વિતરણ થતે તો !**

સામાન્ય યંત્રોથી માંડી આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ સુધીનો પ્રવાસ વિજ્ઞાનમાંથી પેદા થયેલી ટેકનોલોજીનો છે. ટેકનોલોજીએ સંપત્તિ સર્જનમાં અભૂતપૂર્વ વધારો કર્યો. આ વધારાને અનુરૂપ આર્થિક વ્યવસ્થા અને સામાજિક માળખુ ફેરવાયા નહીં. પરિણામે પેદા થયેલ સંપત્તિ પર ગણ્યાગાંઠયા લોકોની માલિકી થઈ ગઈ. એવા ગણ્યાગાંઠયા લોકોની સંપત્તિને વધારવા માટે મજૂરોનું નિર્દય કહી શકાય તેટલું અને તેવું શોષણ થવા માંડયું. જે આજે પણ ચાલુ છે. યાંત્રિકીકરણ જેમ જેમ આગળ વધ્યું અને હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કાર્યરત થવા માંડી છે. તેથી કામ કરવાપાત્ર કરોડો લોકો બેકાર રહ્યા અને

બન્યા. સમાજ અને તેના આગેવાન રાજકારણીઓ આ બાબતમાં ગુન્હાહિત કહી શકાય તેવાં વલણ દાખવી સંપત્તિને બહુજનને વિતરણ કર્યું નહીં અને આજે પણ કરતા નથી. રેશનાલિઝમની દ્રષ્ટિએ આ પરિસ્થિતિ અસ્વીકાર્ય છે. પેદા થતી સંપત્તિ પર પ્રજાના એક–એક સભ્યને સરખો હક હોવાનું માનવું એ વિવેકબુદ્ધિવાદ છે. આ સંદર્ભે અઠવાડિયે ૭૦ કલાક, ૯૦ કલાક, ૧૨૦ કલાક સુધી કર્મચારીઓ–કામદારોને શ્રમ કરવાનું કહેનારાને આધુનિક શોષકોથી જ ઓળખવા પડે છે. રેશનાલિસ્ટોએ સમજવાનું છે કે આવો આગ્રહ કરનારા અમાનવીયતાની વકીલાત કરે છે.

## રેશનલ ચિંતન ધાર્મિક ગ્રંથો કરતાં ચઢિયાતું છે જ !

–રમેશ પટેલ

આજના ડિજિટલ–વૈજ્ઞાનિક જમાનામાં આપણો સમાજ અંધશ્રદ્ધાની શ્રદ્ધામાં માને છે ત્યારે 'બુદ્ધિજીવી સમાજ'ને જરૂર દુઃખ થશે.

આપણે 'ચંદ્ર' અને 'મંગળ' ગ્રહોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છતાં ય આજે આપણે ગ્રહોના નડતર અંગેની માન્યતા દૂર કરી શકયા નથી.

આપણે લાગણીશૂન્ય બનતા ગયા છીએ. કોઈની પણ લાગણી નહીં દુભાય એવું વર્તન રેશનાલિઝમમાં માનનારા માને છે. આપણે 'આત્મા–પરમાત્મા'ની વાહિયાત અવૈજ્ઞાનિક બાબતોને જળમૂળથી ઉખેડી નાખવી જરૂરી છે.

હજી પણ રસ્તા વચ્ચે બિલાડી આડી ઉતરે તો તેને 'અપશુકન' ગણીએ છીએ. આપણે સૌએ સમજી લેવાની જરૂર છે કે ૧૩નો અંક અપશુકનિયાળ નથી જ.

મારી શાળા ન. મો. ઝવેરી યુનિયન હાઈસ્કૂલ–સુરતમાં તે સમયના મારા આચાર્યશ્રીએ 'સત્યનારાયણ'ની કથાનું આયોજન કરેલ. મેં અને મારા મિત્ર શ્રી બી. કે. ચૌહાણે વિરોધ નોંધાવી એ કથા સાંભળવા અમે સેન્ટર હોલમાં હાજરી નહીં જ આપેલી. શાળાના આચાર્ય અને શિક્ષકો પણ આવી કથામાં માને તો ભાવિ પેઢીને આપણે વૈજ્ઞાનિક રીતે વિચારતા કયારે કરીશું ?

શનિવારે દાઢી નહીં કરતા અંધશ્રદ્ધાનું 'વિજ્ઞાન શિક્ષકો' પાસેથી વિજ્ઞાનની ઉપાધિ પરત લઈ લેવી જોઈએ.

અત્રે મને શાળાના પ્રખર જ્યોતિષની પ્રપંચ લીલા યાદ આવે છે. અમારી શાળાના ટેમ્પરરી લાઈબ્રેરીયન દેસાઈ બહેનને પ્રખર જ્યોતિષે સંતાનપ્રાપ્તિ માટે પોતાની સમક્ષ નાહી–ધોઈને દિગંબર અવસ્થામાં બેસવાની સલાહ આપેલી. સદ્ભાગ્યે હું અને મારા મિત્ર શ્રી ઠાકોરભાઈ આર. પટેલ (પરવટ) લાઈબ્રેરીમાં પુસ્તક લેવા ગયા. બહેને અમને ઉપરોક્ત બાબત જણાવી. અમે બહેનને કહ્યું કે, 'એ જ્યોતિષ નથી પણ લંપટ માણસ છે એટલે એનાથી તમે દૂર જ રહેશો. બહેને અમારી સલાહ–અભિપ્રાય માન્ય રાખ્યો. થોડા વર્ષો બાદ એમને કુદરતી રીતે જ સંતાન પ્રાપ્તિ રૂપે પુત્ર પ્રાપ્ત થયેલો !

એ જ જ્યોતિષે મારી પાસેથી પૈસા પડાવવા, કહ્યું કે, 'તમારા નવા સ્કૂટરનો એકિસડન્ટ યોગ છે, અમુક વિધિ કરાવશો તો (દશ હજાર રૂપિયા) તો તમે એ દુર્ઘટનામાંથી હેમખેમ બચી જશો.' મેં કહ્યું, હું તમારા આવા જ્યોતિષમાં જરાય માનતો નથી. મૃત્યુને આપણે રોકી શકતા નથી. એ તો જન્મ પછી મૃત્યુ આવવાનું જ છે. 'આજદિન સુધી મને સ્કૂટરનું એકિસડન્ટ નડયું નથી.'

મારા પિતા ચાર ચોપડી ભણેલા હોવા છતાં એમણે કદી 'સત્યનારાયણ'ની કથા કરાવી નથી. ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા ન જ જતા. ઘરમાં કોઈ દેવસ્થાન નહોતું કે ધાર્મિક ફોટાઓ દીવાલ પર લટકાવેલા નહોતા. તેઓ ઉંચ–નીચના ભેદભાવમાં પણ માનતા નહોતા.

અંધશ્રદ્ધા નિવારણ માટેના વૈજ્ઞાનિક પ્રયોગો હું જુદી જુદી શહેર–જિલ્લાની પ્રાથમિક–માધ્યમિક શાળાઓમાં નિદર્શન માટે જતો એ મને આજે યાદ આવે છે !

આપણું રેશનલ ચિંતન ધાર્મિક ગ્રંથો કરતાં ચઢિયાતું જ છે. આપણે ચીલાચાલુ ધાર્મિક નથી પણ આપણો ધર્મ માનવધર્મ છે.

આપણે 'ભૂવા અને જ્યોતિષો' વિનાનો વૈજ્ઞાનિક સમાજનું નવનિર્માણ કરવાની તાતી જરૂરિયાત છે.

અમારી શાળાના બહેન સાંઈ ભકત હતા. ઘરે સાંઈની તસ્વીરમાંથી 'રાખ' પડતી હતી. મેં બહેનને કહ્યું, મારે તમારા ઘરે આવવું પડશે. બહેને હસીને મને કહ્યું, 'પટેલ સાહેબ, તમને તો એ વૈજ્ઞાનિક રહસ્ય ખબર જ છે. તમે નહીં આવશો તો ચાલશે.'

મને જો કોઈ સત્તા આપવામાં આવે તો 'તમામ ધાર્મિક સ્થાનો તોડી તે સ્થાને ગરીબોને રહેવા માટેના સાધનો ઊભા કરું... હોસ્પિટલો બનાવું. ગ્રંથાલયો અને શાળાના મકાનો ઊભા કરું. બધા જ ધાર્મિક પુસ્તકોની હોળી કરું. રેશનલ પુસ્તકોને અભ્યાસક્રમમાં દાખલ કરાવું.'

આ મારું રેશનાલિઝમ અંગેનું અંગત ચિંતન છે. આપણા 'રેશનાલિઝમ' વૈજ્ઞાનિક વિચારોને પ્રચાર–પ્રસાર થાય એ જ આ અદના માનવીની મહાન ઈચ્છા છે. અસ્તુ !

**નોંધ :** 'સત્યાન્વેષણ'ના ૪૦૦મા અંક માટે આ લેખ મોકલેલો. એ અંક માટે ધાર્યા કરતાં વધારે લેખો આવવા માંડયા છે તેથી આ લેખને અહીં સમાવ્યો છે.

---

**સત્યશોધક સભાને દાન**

આપણા સુરેન્દ્રભાઈ પટેલ સત્યશોધક સભાને વારંવાર દાન આપતા રહે છે. આ વર્ષે પણ એમણે શ્રી જગુભાઈ પટેલ અને પ્રેમીબહેન પટેલના સ્મરણાર્થે રૂ. ૧,૫૦૧/–નું દાન આપ્યુ છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૩૧–૧–૨૦૨૫** **સૂર્યકાન્ત શાહ**
**પ્રમુખ**

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ

(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ

(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ

(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ

(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# છવ્વીસમો રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ

## સંબંધોના માનવી અતુલભાઈ પ્રમોદચંદ્ર પાઠકજી

આપ તો સત્યશોધક સભાના સ્થાપકો પૈકીના એક છો. સભાના સ્થાપનકાળથી તમે એની સાથે જોડાયેલા છો. ઈ .સ. ૧૯૮૦ થી ૧૯૮૮ સુધી આપ સભાના ઉપપ્રમુખ હતા. આજે પણ આપ આ સ્થાન શોભાવો છો. સત્યશોધક સભાની વિવિધ પ્રવૃત્તિઓમાં તો હંમેશાં આપ કોઈને કોઈ યોગદાન આપો જ છો. આપના પિતા અને દાદા બન્ને રેશનાલિસ્ટ વિચારોમાં માનતા હતા. આપે માતબર દાન આપી તેના વ્યાજમાંથી આપના પિતા પ્રમોદચંદ્ર પાઠકજીની સ્મૃતિમાં વકતૃત્વ સ્પર્ધા અને આપના દાદા બાળકૃષ્ણ પાઠકજીની સ્મૃતિમાં નિબંધ સ્પર્ધા યોજવાનું શકય બનાવ્યું છે. આમ આપ આપના વિચાર, વાણી અને વર્તનથી પૂરા રેશનાલિસ્ટ હોવાનું પ્રતિપાદિત કર્યું છે. આજે ૭૯ વર્ષની ઉંમરે પણ આપ એટલા જ સક્રિય છો.

આપની વિવિધ સમાજસેવી પ્રવૃત્તિઓ અને પ્રગતિશીલ વિચારસરણીને દ્યોતક કામગીરીનું અત્રે વર્ણન કરવું અશકય છે. આમ છતાં, આ સન્માનપત્ર જેવી ગાગરમાં તમારી પ્રવૃત્તિઓના સાગરને સમાવવાનો અલ્પ પ્રયાસ કરવામાં આવે છે. આપનો હિન્દી પ્રેમ જગજાહેર છે. આથી સુરતના રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના સતત ૩૫ વર્ષ સુધી પ્રમુખ રહ્યા. ઈ. સ. ૧૯૯૦માં 'ગ્રાહક શિક્ષણ'નો સૌથી વધુ ફેલાવો કરવાની આપની કામગીરી અદ્વિતીય રહી છે. આપે પ્રગતિશીલ વિચારસરણીને પોષતા અને રેશનાલિઝમને આગળ વધારતાં વિવિધ વિષયો પર ૪૦ જેટલાં મનનીય અને જ્ઞાન–માહિતીના અછૂત એવા ખૂણા પર પ્રકાશ ફેલાવતાં પુસ્તકો લખ્યા છે. એમાંનાં ચાર પુસ્તકોને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ મળ્યા છે. એ જ પ્રમાણે આપે લખેલા અનેક લેખોમાંથી એક લેખને સોવિયેત યુનિયન અને ભારતમાં એવોર્ડ આપવામાં આવ્યા છે. આપનો ઝુકાવ સામ્યવાદ તરફ છે. જ્યાં સુધી સોવિયત યુનિયન હતું ત્યાં સુધી આપ એ વિશે ઘણું લખતા હતા. આપને સોવિયેત યુનિયન સાથે સંલગ્ન અનેક સંસ્થાઓમાં સ્થાન પણ મળ્યું હતું. આજે પણ આપ દેશ–વિદેશની શૈક્ષણિક અને માનવવિકાસની ત્રણ


સંસ્થાઓના હોદ્દેદાર છો. આપ મુંબઈની 'ભારતીય વિદ્યાભવન' સંસ્થાની કેન્દ્રિય કાર્યવાહક સમિતિના સભ્ય છો. એવી જ ગુજરાતની અન્યત્ર ત્રણ સંસ્થામાં કાર્યરત છો. સુરતના સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળના ઉપાધ્યક્ષ તરીકે પણ આપ સેવા આપી રહ્યા છો. અમને સાનંદાશ્ચર્ય થાય છે કે આપ ૧૨૦થી પણ વધારે રાજ્યકક્ષાના રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સન્માનોથી આભૂષિત થયા છો. ન્યૂયોર્કના 'ટાઈમ' મેગેઝિને તો ઈ. સ. ૧૯૯૩માં વિશ્વની સૌથી વધારે પ્રતિભાશાળી ૧૦૦ વ્યકિતઓમાં આપને સ્થાન આપ્યું હતું ! તમારી પ્રવૃત્તિઓના પર્વતોના જે શિખરો છે તેનું આ તો વિહંગાવલોકન છે. અમને ખાતરી છે કે અમારા આ અવલોકનમાં આપની કેટલીક યશસ્વી પ્રવૃત્તિઓ આવરી લેવાઈ નથી, પરંતુ હવે આ ગાગર છલકાવા માંડી છે !

આમ, અમારામાંના જ એક અને કર્મઠ રેશનાલિસ્ટને આજે તા. ૧૯–૦૧–૨૦૨૫ને રવિવારે આપને સત્યશોધક સભા, સુરત છવ્વીસમા 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી નવાજીને આશા અને અપેક્ષા રાખે છે કે આપ હજી વધારે ને વધારે રેશનાલિઝમને આગળ વધારતી પ્રવૃત્તિઓ કરતા રહો.

**સૂર્યકાન્ત શાહ** (પ્રમુખ)
સત્યશોધક સભા, સુરત

૧૯/૦૧/૨૦૨૫

---




(રમેશ પટેલના 'સનશાઈન'માંથી સાભાર)

### અશ્વિન ન. કારીઆના

## 'ચાલો સમજીએ રેશનાલિઝમ' પુસ્તિકામાંથી સાભાર

વિશ્વમાં વૈચારિક અને બૌદ્ધિક કક્ષાએ ઘણાં વાદો અસ્તિત્વ ધરાવે છે. જેમ કે સમાજવાદ, સામ્યવાદ, હિન્દુવાદ વગેરે. રેશનાલિઝમ આ અર્થમાં કોઈ વાદ નથી. પરંતુ રેશનાલિઝમ જીવનનો એક માર્ગ અથવા રસ્તો છે.

* * *

તર્ક, અનુભવ તથા વૈજ્ઞાનિક ચકાસણી, આ ત્રણ શરતો રેશનાલિઝમના પાયારૂપ છે. તેની શરત એટલી છે કે તર્ક સંપૂર્ણ શાસ્ત્રીય, અનુભવ તટસ્થ અને નિરપેક્ષ તથા પ્રયોગ સંપૂર્ણ વૈજ્ઞાનિક હોવો જોઈએ.

* * *

સ્વામી રામતીર્થે કહેલું, 'નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે. આસ્તિકને મન ઈશ્વર પૂર્ણવિરામ છે.

* * *

શ્રી કિશોરલાલ મશરૂવાલાએ સાચું જ કહ્યું છે : ઘણા વર્ષોથી હું કહેતો આવ્યો છું અને મારી માન્યતા વધારે ને વધારે દ્રઢ થતી જાય છે કે, આજનો એકપણ ધર્મ હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન, વગેરે માનવસમાજના કોઈ કોયડાઓનો ઉકેલ લાવી શકવાને લાયક રહ્યા નથી. નિષ્પ્રાણ થયેલ છે, અને તેના મુળરૂપમાં ફરીથી જીર્ણોદ્ધાર કરવામાં આવે તોયે આજના જટિલ પ્રશ્નોને તે ઉકેલી શકે તેમ નથી.

* * *

આપણી પ્રજાને વિદેશી આક્રમણખોરોએ જેટલું નુકસાન કર્યું નથી, એટલું નુકસાન આપણી પ્રજાને ધર્મની મૂળ ફરજથી વિચલિત થઈ, ધર્મને ભાષાકીય અર્થઘટનો આપી પ્રજાને દાન–ધર્મના રવાડે ચઢાવવાથી થયું છે.

* * *

# કર્મફળના સિદ્ધાંતનાં મૂળ

–પ્રવીણ ગઢવી

કર્મફળનો સિદ્ધાંત મહાન છે અને ભારતે શોધ્યો છે તેમ માનવામાં આવે છે. વેદાંતીઓ–સનાતનધર્મીઓએ કર્મફળના સિદ્ધાંતના આધારે પુનર્જન્મ અને મોક્ષના, બલ્કે સ્વર્ગ–નરકના ખ્યાલો વિકસાવ્યા છે.

સાદી ભાષામાં વાત કરીએ તો વ્યકિતને તેનાં કર્મો અનુસાર ફળ મળે છે. અર્થાત્ સદકર્મીને સ્વર્ગમાં મદ્યપાન, ઉત્તમ ભોજન, અપ્સરાઓ વગેરે મળે છે. દુષ્કર્મીને નરકની ભયંકર યાતનાઓ – શેકાવું, બફાવું, તળાવું, બળવું વગેરે ભોગવવી પડે છે. કર્મના ફળ વપરાઈ જતાં સૌએ સ્વર્ગ કે નરકથી પુનઃ પથ્વી પર, મૃત્યુલોકમાં જન્મ લેવો પડે છે. વળી જે કર્મના બંધનમાંથી મુક્ત થઈ નિષ્કર્મી નિષ્કામ થાય તેનૈ સ્વર્ગ, નરક નહિ પણ મોક્ષ મળે છે. ગીતાએ વળી કર્મફળની અપેક્ષા રાખ્યા વગર કર્મો કરવાની વાત કરી છે. તેઓ સ્થિતપ્રજ્ઞ મોક્ષ ગતિ પામે છે.

સામાન્યતઃ એવી માન્યતા છે કે વેદોમાં કર્મફળ કે પુનર્જન્મનો સિદ્ધાંત નથી. ઉપનિષદજ્ઞ ડૉ. પૉલ ડાયસના મતે વેદોમાં પુનર્જન્મનો સિદ્ધાંત નથી, પરંતુ ઋગ્વેદની કેટલીક ઋચાઓમાં તેનો અણસાર મળે છે. જેમકે હું મનુ અને સૂર્ય બન્યો હતો. (4-26-1) માતાના ગર્ભમાં રહીને મેં દેવોના જન્મો જોયા છે. (4-27-1) ઋચા 9-111-7-11માં સ્વર્ગની પરિકલ્પના છે, તો અથર્વવેદ (5-19-3-13) માં નરકની પરિકલ્પના જોવા મળે છે. ઋગ્વેદમાં અગ્નિ, મરુત, મિત્રા–વરુણ અને સોમને અનંત જીવનની પ્રાર્થના કરવામાં આવી છે.

જો કે કેટલાક વિદ્વાનોના મતે ઋગ્વેદમાં આગળના જન્મમાં સુખ આપવા વિનંતી કરવામાં આવી છે. (10-59-6-7) વળી પંચતત્ત્વ વિલીન થયા પછી જીવાત્મા બીજું શરીર ધારણ કરે છે. (10-16-5) અથર્વવેદ (7-61-1) માં ભાવિ જન્મમાં સુખ માટે પ્રાર્થના કરવામાં આવી છે. 5-1-2 અનુસાર, કર્માનુસાર, સારો–ખરાબ દેહ મળે. 11-4-20 માં 'જાયતે પુનઃ' શબ્દપ્રયોગ પુનર્જન્મનો ખ્યાલ સૂચવે છે. યજુર્વેદ 4-15 અને 19-47 મુજબ કર્મગતિ અનુસાર કેટલાક મુક્ત થાય છે. કેટલાક વારંવાર જન્મ લે છે. 12-36-39 મુજબ જીવાત્મા કેવળ મનુષ્ય નહિ, જળ, વનસ્પતિ, ઔષધિમાં જન્મ લે છે. આમાં જળ તો પદાર્થ છે. તેમાં કેવી રીતે જન્મ થાય તેવો પ્રશ્ન થાય. 40-15 માં કર્માનુસાર જન્મની કલ્પના છે.

ઉપરોક્ત અનુવાદ શ્રી રામનાથજી સુમન  દ્વારા અપાયો છે. જે સંદિગ્ધ કહી શકાય કેમ કે વેદોના અનુવાદનો પ્રશ્ન મોટો છે. કૌત્સ, યાસ્ક, સાયણ, મહીધર, ઉવર અને આધુનિક એવા દયાનંદ સરસ્વતીના અનુવાદ એકમેકને મળતા આવતા નથી કેમ કે વૈદિક સંસ્કૃતિ પાણિની પહેલાંની ઘણી સદીઓ પહેલાં લોકવ્યવહારમાં રહી નહોતી. વેદજ્ઞ ડૉ. પિનાકીન દવેના મતે ઝંદ અવેસ્તા અને તે પૂર્વેની ઈરાની ભાષા અને વેદની ભાષાની સરખામણી કરતો અભ્યાસ થાય તો જ વેદના સાચા અર્થની સમજ પડે. તેથી અત્યારે પ્રવર્તતા અર્થો કેટલા સાચા અને કેટલા ખોટા તે નક્કી કરવું મુશ્કેલ છે.

ખેર, ઉપનિષદો – ખાસ કરીને કઠ અને બૃહદારણ્યક – આ સિદ્ધાંતના મૂળ સ્ત્રોતરૂપ છે. ઉપનિષદો વેદના અંતે આવેલા હોવાથી વેદાંત કહેવાય છે. ઉપનિષદો ગ્રંથરૂપે ભલે વેદોના ભાગરૂપે હોય, પરંતુ વિચારોની દ્રષ્ટિએ સ્વતંત્ર અને વેદથી ભિન્ન અભિગમ ધરાવે છે.

કઠોપનિષદ  (1-1-6) માં નચિકેતા–યમ સંવાદમાં શરીર અનાજની  જેમ ઊગે છે. તેમ કહેવાયું છે. ભોગીનો વારંવાર જન્મ થાય છે, પરંતુ બ્રહ્મજ્ઞાનીને મોક્ષ મળે છે. (2-2-2) આત્મા દેહનો અતિથિ (2-3-17) હોવાનું કહેવાયું છે.

છાંદોગ્ય (5-3-10) અને બૃહદારણ્યક (6-2) માં પ્રવાહણ જૈવલિ નામના ક્ષત્રિય તત્ત્વજ્ઞાની શ્વેતકેતુના પિતા ગૌતમ આરુણિને કહે છે  કે, 'મૃત્યુ પામેલો પિતૃયાન (કૃષ્ણગતિ) દ્વારા ચંદ્રલોકમાં ગયેલો જીવાત્મા ફરીથી આ લોકમાં પાછો ફરે છે. સદાચારી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય (અર્થાત્ ઉચ્ચ વર્ણ) થાય છે, જ્યારે દુરાચારી શ્વાન, શૂકર કે ચંડાલ થાય છે. આમ ચંડાલો, શુદ્રો, અતિશૂદ્રો પૂર્વજન્મનાં દુષ્કર્મોનું પરિણામ ભોગવે છે. આ અતાર્કિક માન્યતા અદ્યાપિ પ્રવર્તે છે !

છાંદોગ્ય (6-11-1-13)માં કહેવાયું છે કે જીવ વગરનું શરીર મરે છે. જીવ મરતો નથી. સૂક્ષ્મતત્ત્વ (બ્રહ્મ) જ સર્વરૂપ છે. અર્થાત્ આત્મા મરતો નથી. આ જ વાત કઠોપનિષદ (1-2-18) માં કહેવાઈ છે કે 'ન હન્યતે હન્યમાને શરીરે' અર્થાત્ આત્મા હણાતો નથી. અમર છે કેમકે તે પરમાત્માનો અંશ છે. પરમાત્માને મૃત્યુ હોઈ શકે ? આ  જ શ્લોક ગીતા (2-20) માં મૂકાયો છે. પરંતુ પુનર્જન્મની વાત અધ્યાહાર રાખી છે.

શ્વેતાશ્વતરમાં સોની જેમ ઘરેણામાંથી ઘરેણાં બનાવે છે, તેવો દાખલો આપી આત્મા શરીર ત્યાગી નવું રૂપ ધારણ કરે છે. તેમ કહેવાયું છે. (4-4-4)

કૌષિતકીમાં કહેવાયું છે કે સદકર્મીઓ બ્રહ્મલોકમાં જાય છે બ્રહ્મમય બને છે. કેટલાંક સ્વર્ગમાં, કેટલાક નરકમાં અને કેટલાંક મૃત્યુ પછી મૃત્યુલોકમાં જન્મ લે છે.

ગીતા પણ એક ઉપનિષદ છે કે ઉપનિષદોના સારરૂપ છે. ગીતામાં ફળની આશા રાખ્યા વગર કર્મ કરવા કહેવાયું છે. કર્મણ્યે વાધિકારસ્તે (2-4-7) પરંતુ ગીતાની શરૂઆતમાં જ કૃષ્ણ અર્જુનને લાલચ આપે છે કે રણભૂમિમાં હણાઈશ તો સ્વર્ગ પામીશ અને જીતીશ તો પૃથ્વી ભોગવીશ ! (2-37)

ગીતા એક ઉપનિષદ જ હોવાથી ડૉ. રાધાકૃષ્ણનના મતે તેનો ધ્યેય સ્વર્ગ કે નરક નહિ, બ્રહ્મજ્ઞાનનો છે, મોક્ષનો છે, જીવનમરણની ઘટમાળમાંથી છૂટવાનો છે. કર્મ દ્વારા, જ્ઞાન દ્વારા અને ભક્તિ દ્વારા પણ બ્રહ્મપ્રાપ્તિ–ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે. કર્મફળની ઈચ્છા નથી (4-14) એમ કહેવાયું છે.

ગીતામાં પણ પુનર્જન્મનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કુમાર, યુવા અને વૃદ્ધાવસ્થાની જેમ જ દેહધારી જીવને અન્ય દેહની પ્રાપ્તિ થાય છે. (2-13) વળી જીર્ણ વસ્ત્રોની જેમ જીવ, જૂનો દેહ ત્યાગી નવો ધરે છે. (2-6) અલબત્ત, ગીતામાં સદકર્મીને સ્વર્ગ એમ સ્પષ્ટ કહેવાયું છે. શ્લોક 17/21 માં કામ, ક્રોધ, લોભને નરકનાં દ્વાર કહ્યા છે. પરંતુ કર્મનાં ફળ અવશ્ય મળે છે, તેમ વારંવાર કહેવાયું છે.

ઋગ્વેદમાં નરકનો ઉલ્લેખ નથી. અથર્વવેદ અંધકાર નરક સમાન ગણે છે. શતપથ બ્રાહ્મણમાં સર્વ પ્રથમ નરકનો ઉલ્લેખ મળે છે. પછી મનુસ્મૃતિ, ભાગવત અને દેવી ભાગવતમાં નરકનું સ્પષ્ટ ચિત્ર જેવા મળે છે. નરક 28 જાતનાં છે.

મનુષ્યના પુનર્જન્મની જેમ ઈશ્વરના પણ માનવીય અવતારની કલ્પના કરવામાં આવી છે અને 'યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિભવતિ....' અર્થાત્ જ્યારે જ્યારે ધર્મનો ક્ષય થાય છે ત્યારે ઈશ્વર માનવદેહ ધારણ કરે છે. વિષ્ણુ, રામ, કૃષ્ણના અવતારો એના ઉદાહરણરૂપ છે. જો કે વિષ્ણુના દસ અને ચોવીસ અવતારો થયા છે. તો ભાગવત વળી અસંખ્ય અવતારો થયા હોવાનું કહે છે.

ઈશ્વરને કર્મફળદાતા કલ્પ્યો છે, પરંતુ તે નિરંકુશ રાજાધિરાજ રૂપે નહિ, નૈતિક નિયામક છે. કર્માનુસર આપે છે. પૂર્વજન્મોના કર્મોનું ફળ પણ ભોગવવું પડે છે. જેમ કે, આજે દરિદ્ર કે દિવ્યાંગ લોકો પૂર્વજન્મનાં દુષ્કૃત્યોનાં ફળ ભોગવે છે, અને શૂદ્ર અવતાર પણ પૂર્વજન્મનાં પાપોનું પરિણામ છે, તેમ કહેવાય છે !

સદ્કર્મીને સ્વર્ગ અને દુષ્કર્મીને નરક એ સમાજમાં નૈતિકતા જળવાય તે માટે વિચાર્યું છે. એમ કહેવાય છે, પરંતુ તો પછી દંડસંહિતાની શી જરૂર ? માણસ ભગવાનથી નહિ, પોલીસથી ડરે છે. વાસ્તવમાં આ ખ્યાલનો ઉપયોગ દરિદ્રો, શૂદ્રો પરભવના પાપીઓ હતા એમ કહી તેમને યથાસ્થિતિ રાખવા દરેક ધર્મે કર્યો છે. આ સફેદ જૂઠ છે.

આ બધા ખ્યાલો કે વિચારો એકલા ભારતમાં હતા, એવું નથી, ઈ. સ. પૂર્વે 4000 માં અસ્તિત્વ ધરાવતી ઈજિપ્તની સંસ્કૃતિમાં પણ આત્માની અમરતા અને પુનર્જન્મનો ખ્યાલ હતો. એટલે તો પિરામીડો બન્યા છે. ઈ. સ. પૂર્વે 3500 ની સુમેર સંસ્કૃતિમાં પણ મૃત્યુ પછીના જીવન અને કર્મોના હિસાબના ખ્યાલો વિકસ્યા હતા. સિંધુ સંસ્કૃતિ (ઈ. સ. પૂ. 3000) માં કબરમાં વસ્તુઓ મળી આવી છે. તેનો અર્થ, તે સંસ્કૃતિના લોકો આત્માની અમરતા અને મૃત્યુ પછીના જીવનમાં કે પુનર્જન્મમાં શ્રદ્ધા ધરાવતા હોવા જોઈએ.

જ્યારે વૈદિક સંસ્કૃતિ તો ઈ. સ. પૂ. 1500 થી 600 દરમિયાન પ્રવર્તમાન હતી. તેથી આ વિચારોની વેદો, ઉપનિષદો પર અસર થવા સંભવ છે. વિદેશ વ્યાપારને કારણે વિચારોનું આદાનપ્રદાન થયું હોવાની શકયતા નકારી ન શકાય.

અષો જરથુસ્ટ (ઈ. સ. પૂ. 600) દ્વારા પ્રબોધાયેલા જરથોસ્તી ધર્મમાં પણ સત્કર્મોનું સારું ફળ, દુષ્કર્મોનું ખરાબ ફળ મળે અને સત્કર્મીને મિનોઈ (સ્વર્ગ) મળે. જ્યારે દુષ્કર્મીને દોજખ(નરક) મળે તેમ કહેવાયું છે.

પ્રાચીન યહુદી ધર્મમાં આત્માની અમરતાનો ખ્યાલ નહોતો. મરેલા જીવશે નહિ. મોત પામેલા ઊઠશે નહિ. પરંતુ પછીથી તાલમૂદ ગ્રંથમાં માણસ કબરમાં જળવાઈ રહે છે, એમ કહેવાયું છે. આત્મા અમર છે. પાપ–પુણ્યનો બદલો મળે છે. કર્મફળ જીવતાં અને મૃત્યુ પછી પણ જન્નત–જહન્નમમાં ભોગવવા પડે છે. પુનર્જન્મ અને મોક્ષનો ખ્યાલ વિકસ્યો નથી, સદકર્મોથી સદાકાળ યહોવાહના ઘરમાં રહેવા મળે તે મોક્ષ સમકક્ષ વિચાર છે.

યહુદી ધર્મમાંથી જ પેદા થયેલા ખ્રિસ્તી ધર્મમાં પણ કર્મ પ્રમાણે ફળનો ખ્યાલ છે. અધર્મીઓ ભડભડતા અગ્નિમાં બળશે, જ્યારે ધર્મીઓ પરમ પિતાના રાજ્યમાં સ્થાન પામશે. પુનર્જન્મની કલ્પના નથી. ઈશ્વર જીવતાનો છે, મરેલાનો નહિ. પ્રભુ પાસે સૌ જીવતા રહે છે. મોક્ષ અર્થાત્ અનંત જીવન, સમાજસેવા દ્વારા પ્રાપ્ત થાય છે.

યહુદી ધર્મના બીજા ફાંટા જેવો ઈસ્લામ, આત્માના અમરત્વમાં માને છે. પુનર્જન્મ નથી, પરંતુ કયામતનો દિવસ છે. અલ્લાહ કર્મ પ્રમાણે ફળ આપશે. પુણ્યશાળી જન્નતમાં અને પાપીઓ જહન્નમમાં કાયમી રહેશે. મુક્તિ નથી.

આમ કર્મબંધન સિદ્ધાંતના ખ્યાલો ઈજિપ્તની સંસ્કૃતિથી ઈસ્લામના જન્મ સુધી વિવિધ ધર્મદર્શનોમાં ચાલતા રહ્યા છે. તેની પર કેવળ ભારતનો કે સનાતન ધર્મનો કોપીરાઈટ હક નથી તે દેખાઈ આવે છે.

# એ આઈની કમાલ !

મૂળ નામ તો રાધેશ્યામ અંબાલાલ પટેલ છે. આમ છતાં તેઓ રાધેશ્યામ રૂપાલ પલ્લીથી ઓળખાવા માંગે છે. રૂપાલ પલ્લીમાં ઘીનો અક્ષમ્ય બગાડ થાય છે. આ બગાડને અટકાવવા માટેના પ્રયત્નોમાં તેઓએ પોતાનો બધો સમય અર્પણ કરી દીધો છે.

તેઓશ્રી એ.આઈ. સુધીની આધુનિક સંદેશ વ્યવહારની ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરે છે. તેઓ દ્રઢતાપૂર્વક માને છે કે આપણે રેશનાલિસ્ટોએ પણ રેશનાલિઝમના પ્રચાર–પ્રસાર માટે એનો ઉપયોગ કરવો જોઈએ.

એના ઉદાહરણ સ્વરુપ એમણે એઆઈ પાસેથી રેશનાલિઝમ સંદર્ભે સૂત્રો માંગ્યા. એઆઈએ અધ્ધ્ધ્ સૂત્રો આપ્યા ! એમાંનાં કેટલાક અત્રે રજૂ કર્યા છે.

## AI આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ,
### (કૃત્રિમ પ્રજ્ઞા પાસેથી મેળવેલા સ્લોગન)

–રૂપાલ પલ્લી, અમદાવાદ
ફોન : 70 1615 9450

૧. અવિશ્વાસથી વિજ્ઞાન સુધી સત્યશોધક સભાની સફર !
૨. અંધવિશ્વાસ હટાવો, સત્યનો પ્રકાશ ફેલાવો.
૩. વિજ્ઞાન, તર્ક અને સત્ય, આપણા સમાજનો સત્યશોધક માર્ગ !
૪. પ્રશ્ન પૂછો, વિચારશો, અને સાચું શોધો, સત્યશોધક સભાની સાચી ચેતના !
૫. ભ્રમ તોડો, જ્ઞાન જોડો, સત્યશોધક સભા સાથે આગળ વધો.
૬. વિજ્ઞાનનો પ્રકાશ અને તર્કની દિશા એ જ છે સત્યશોધક સભા !
૭. શ્રદ્ધા રાખો, પણ તપાસતા શીખો !
૮. ભ્રમ અને ભય નહીં, હવે વિજ્ઞાન અને સત્યની વાત !
૯. વિચારશીલ સમાજ માટે સત્યશોધક સભાનો અવાજ !
૧૦. જ્યાં સત્ય હોય ત્યાં સાચી આસ્થા હોય !
૧૧. તર્ક સાથે પ્રગતિ, ભ્રમ વિના સમૃદ્ધિ !
૧૨. અંધશ્રદ્ધાને અલવિદા, જ્ઞાન અને તર્કને હેલ્લો !
૧૩. સત્ય શોધવું એ અપરાધ નથી, એ જ પ્રગતિનો રસ્તો !

(વધુ ટા.–૩ ઉપર)

**(ચાલુ પાનાં નં. ૨૪ નું)**

૧૪. શાસ્ત્ર નહીં, સાબિતી પર વિશ્વાસ !
૧૫. પ્રશ્ન પૂછવું શીખો, જવાબ સાચા મળશે !
૧૬. સત્યના માર્ગે વળાવો, અજ્ઞાનને દૂર ભગાવો !
૧૭. સંશયથી સત્ય સુધી, એક જ સફર, એક જ લક્ષ્ય !
૧૮. અંધકારમાંથી પ્રકાશ તરફ એ છે સત્ય શોધક સભાની રાહ !
૧૯. અજ્ઞાન તોડો, જ્ઞાન વધાવો, ભવિષ્ય ઉજ્જવળ બનાવો.
૨૦. તર્ક અને પ્રમાણ સાથે સાચું ધર્મ જીવીએ !
૨૧. જ્યાં સત્ય છે, ત્યાં શાંતિ છે !
૨૨. વિજ્ઞાન અપનાવો, અંધશ્રદ્ધા છોડો !
૨૩. ભય નહીં, તર્ક અને સત્ય જ સાચી શકિત !
૨૪. વિવેકી સમાજ માટે, સત્યની શોધ સતત ચાલુ !
૨૫. આસ્થા એ એક ઉર્જા છે, તેને ભ્રમમાં વેડફશો નહીં !
૨૬. અંધશ્રદ્ધાથી મુક્ત થશો, ત્યારે જ સાચી પ્રગતિ મળશે.
૨૭. વિજ્ઞાનને સમજો, જીવનને ઉર્જાવાન બનાવો.
૨૮. સવાલ પૂછવું પાપ નથી, એ તો સત્ય શોધવાનો આરંભ છે !
૨૯. જ્યાં વિજ્ઞાન છે, ત્યાં સત્ય છે !
૩૦. ધર્મ અને તર્ક સાથે ચાલો, ભ્રમ અને ડર દૂર કરો !
૩૧. વાતો નહીં, તથ્ય પર આધાર રાખો.
૩૨. ગમે તેટલી જૂની માન્યતા હોય, તર્ક વિના એ વ્યર્થ છે.
૩૩. ભકિત તર્ક સાથે, શ્રદ્ધા જ્ઞાન સાથે !
૩૪. જેનું કોઈ કારણ નથી, એનું કોઈ અસ્તિત્વ નથી !
૩૫. સત્ય એ કડવું હોઈ શકે, પણ એ જ સાચું છે.
૩૬. પ્રમાણ વિના શ્રદ્ધા ભ્રમ સમાન છે !
૩૭. આંધળું માનવું નહીં, સમજવા માટે પ્રયાસ કરો !
૩૮. ધર્મ ત્યારે જ પપ્રવત્ર છે જ્યારે તે સત્ય અને ન્યાય સાથે હોય !
૩૯. ભય નહી, સમજણ તમારી શકિત છે !
૪૦ વિજ્ઞાન એ ભવિષ્ય છે, જૂની રૂઢિગતતા નહી !

**(વધુ ટા.-૪ ઉપર)**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

(ચાલુ ટા.–૩નું)

૪૧. તર્કથી તટસ્થ રહેશો તો સત્યથી વંચિત રહેશો.

૪૨. શાસ્ત્રો પઢો, પણ તર્ક અને વિજ્ઞાન સાથે સમજો.

૪૩. આંધળા વિશ્વાસથી અવગત થાઓ, સત્ય તરફ પ્રયાણ કરો.

૪૪. સત્યની શોધ એ જ જીવનની સાચી સાધના !

૪૫. શ્રદ્ધા હોય તે સારી, પણ ભ્રમથી મુકત હોવી જરૂરી !

૪૬. અંધશ્રદ્ધા છે અવરોધ, જ્ઞાન છે વિકાસનો માર્ગ !

૪૭. પ્રમાણ વગરની માન્યતાઓ, જીવન માટે જોખમી !

૪૮. સાચા ધર્મમાં ડર નથી, છે તો ફકત સંજ્ઞાન !

૪૯. વિજ્ઞાન માટે દરવાજા ખોલો, અંધશ્રદ્ધાને બંધ કરો !

૫૦. શંકા એ જ પ્રથમ પગથિયું છે સત્ય સુધી પહોંચવાનો !

૫૧. વિવેક અને તર્ક એ સત્ય શોધકની સાચી ઓળખ !

૫૨. મિથ્યાભ્રમથી મુક્ત થશો, ત્યારે યથાર્થ સમજશો !

૫૩. વિશ્વાસ એ જ મજબૂત બને, જ્યારે તે તર્ક પર આધારિત હોય.

૫૪. સત્ય શોધવું એ ગુનો નથી, એ તો જન્મસિદ્ધ હક છે.

૫૫. તર્ક કરો, સમજો અને સાચને સ્વીકારો !

૫૬. વિજ્ઞાન સત્ય સુધી પહોંચવાનું સાધન છે !

બુક પોસ્ટ

To, ______________________________

______________________________

From :
**સત્યશોધક સભા**
C/o. શ્રી શંભુદયાળ ફત્તેચંદ અગ્રવાલ ટ્રસ્ટ
૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–૩૯૧૦૦૧.
મો. : ૯૮૭૯૩ ૬૫૧૭૩